# Ana(n)t Nā Nav Chhugā

## Day 8: Chhugo Āthmo

# છૂગો આઠમો

આશાજી એવી નારિયું તારી અતિ ઘણી છે, તે કરે છે શણગારજી;
પાકી નારી જે હોઈ રહી, તે પોતી દેવને દુઆર–અલી.૧

આશાજી જયારે નર નારીકું લાવ્યા; તેણે કીધી હમારી સારજી,
મૂજ નારીને ઘેર નરજ આવ્યા, તે જંપુઅદ્વીપ મીંજાર–અલી.૨

આશાજી નારી પૂરી પ્રીતની કહીએ. તેનું પીર સદરદ્દીન નામજી;
સાચી નારી તારી થઇ રહી, તમે છો સાચા મોરા સામ–અલી.૩

આશાજી સત કરીને જેણે શાહને શ્રેવ્યા, તેની વેદ માંહે છે સાચી શાંખજી;
સાચો નર મારો મોલા રાજો, તેનું નામ શાહ અલી અવતાર–અલી. ૪

આશાજી એણે નારના સુઆગી બેઠા, તે બેઠા સરગ મીંજારજી,
એણે નારી પાસે નરજી રહયા, તેના હઇડે તે હીરખ ન માય–અલી.૫

આશાજી એ નરનીયું નારીઉ જે સાચી થઇ; તેના જુગમાંહે નામ લખાણુજી;
હુરાઉં પચાસ તે જીવ માણુસે, તેના સરિયા સરવે કામ–અલી. ૬

આશાજી સુઆગ મૌલા જે નારી થઈ રહી, તે સતી સોહી સજાણુજી,
કસ પાયા જેણે જુગમાંહે; તારે નર થયા મહેરબાન–અલી. ૭

આશાજી મૂજ નારીની લાજજ રાખજો, સૂણો મારા નરજી;
નર ચરણે નારી હીરખે ઘણું, જે પાસે નર રહે નિરવાણ–અલી. ૮

આશાજી નરને પરતાપે નારી ઊગરે, તે શ્રેવાએ ઊગારે પારજી;
સેવા કરી જેણે મેવા પાયા, માણ્યા સરગ મીંજાર–અલી ૯

આશાજી ચાર કન્યાઉં દેવની છે, એક અરધ અંગની સારજી;
પીર હસન કબીરદ્દીન શાહને વીનવે, મૌલા મારા કરો અમારી સાર–અલી. ૧૦